### ચાર લોકો અગમ્ય કારણોસર પોતાના રૂમમાં ઓઢણીનો ઓઢણીનો ગાળિયો બનાવી મોતને વહાલુ કર્યું

# બે પરિણીતા સહિત ચારના આપઘાત

સ્થાનિક પોલીસ દ્વારા લાશનું પોસ્ટ મોર્ટમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.26
વડોદરા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગળે ફાંસોખાઈની ચાર બે પરીણીતા તથા ખાનગી યુનિવર્સિટીના વિદ્યાર્થી તેમજ પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા કર્મચારીએ અગમ્ય કારણોસ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઇ છે. જેમાં સ્થાનિક પોલીસે લાશના પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરાઇ છે. વાઘોડિયા બજાર સમિતિ પાસે આવેલી સ્નેહલ પાર્ક સોસાયટીમા આવેલા ભાડાના મકાનમાં રહેતા રિતેશકુમાર ટીનુભાઇ પરમાર ( ઉ.વ.23) તાજેતરમાં માનસીબેન પરમાર (ઉ.વ.18) સાથે લગ્ન થયા હતા. દરમિયાન 24 ફેબ્રુઆરીના રોજ પતિ રિતેશ કુમાર પરમાર બહાર ગયાં હતા. તે દરમિયાન પત્ની ઘરે હતી. પતિ ઘરે મોડા આવ્યાં હતા. ત્યારે પત્ને તે બાબતે ગુસ્સે થયા હતા. દરમિયાન બંને વચ્ચે સામાન્ય નોક ઝોક થઇ હતી.

થોડી વાર પાછી પતિ રિતેશ પરનાર સોસાયટીમાં આવેલી દુકાન પર પડીકુ લેવા માટે ગયાં હતા. તે દરમિયાન ત્યારે પત્ની માનસીએ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં કાપડની ઓઢણીથી ગાળિયો બનાવીને પ્લાસ્ટીકની ખુરશી મુકી રૂમની મકાનની છત પર સીલીંગ ફેન સાથે ઓઢણી બાંધી ગળે બાંધી ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. જેમાં દુકાનેથી પરત આવેલા પતિએ પત્નીને લટકતી જોઇને ગભરાઇ ગયાં હતા. પોલીસને જાણ કરી હતી.

જેથી તેને પારૂલ સેવાશ્રમ હોસ્પિટલમાં લઇ જવાતા મરણ જાહેર કરાઇ હતી. જેથી વાઘોડિયા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. બીજા બનાવમાં મૂળ આંધ્રપ્રદેશનો રાવી ગાંધી ક્રિષ્ણા રાવી રમેશ (ઉં.વ.19) હાલમાં વાઘોડિયાની ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા સાથે હોસ્ટેલમાં રહેતો હતો. દરમિયાન બુધવારે હોસ્ટેલના રૂમમાં છત પર લગાવેલા પંખા સાથે ઓઢણીનો છેડો બાંધીને બીજા છેડાનો ગાળિયો બનાવીને આત્મહત્યા કરી લીધી હતી.

ટાગોર હોસ્ટેલમાં નોકરી કરતા દિનેશ પારઘીએ વિદ્યાર્થી દરવાજો ખોલતો ન હોય શંકા ગઇ હતી જેથી તેમણે પોલીસને જાણ કરતા વાઘોડિયા પોલીસે આત્મહત્યાનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ત્રીજા બનાવમાં વડોદરા તાલુકાના સેવાસી ગામ પાસે ધ રેસડન્સીમાં રહેતા સંકતે રામરાજ યાદવની પત્ની શેફાલી સંકેત યાદવ (ઉં.વ.38) ગોત્રી ખાતે મુથુટ ફીનકોર્પમાં નોકરી કરતા હતા. ત્યો કસ્ટમર તરીકે વિશાલ પ્રફુલ ચારવાડ આવતો હતો. જેની સાથે છેલ્લા એક વર્ષથી આડા સંબંધ હતા. ઉપરાંત નોકરી બાબતે પણ ડિપ્રેશનમાં હોય બુધવારે ફ્લેટમાં પંખા સાથે ઓઢણીથી ફાસો ખાઇ મોતને વહાલુ કર્યું હતું.

જેથી તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. ચોથા બનાવમાં બિહાર ના મનિષકુમાર બ્રિજસહની (ઉં.વ.31) કરજણ તાલુકાના માંગલેજ ગામની સીમમાં આવેલી જીઆઈપીએલ કંપનીના ક્વાટરમાં રહેતા હતા. દરમિયાન 24 ફેબ્રુઆરીના રોજ તેઓએ પોતાના ક્વાટરમાં અગમ્ય કારણોસર ગળે ફાસોખાઇની જીવન ટુકાવી લીધુ હતું. સહકર્મચારીએ યુવકે આપઘાત કર્યો હોવાની જાણ કરતા કરજણપોલીસે લાશનું પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સયાજી ઝૂમાં ફરી ગુંજશે વનરાજની ત્રાડ

# 'સાંસદની રજૂઆત, CMની હા' ટૂંક સમયમાં મળશે સિંહની જોડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.26
વડોદરા લોકસભા મતવિસ્તારના સાંસદ ડો. હેમાંગ જોષીએ સયાજી ઝૂ, વડોદરા માટે એશિયાટિક સિંહની એક જોડી ફાળવવા બાબતે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને લેખિત રજૂઆત કરી છે. મુખ્યમંત્રીએ આ મુદ્દો સકારાત્મક રીતે વિચારણા હેઠળ લઈ ટૂંક સમયમાં સત્તાવાર બેઠક બોલાવવાની સૂચના આપી છે, જે વડોદરાના નાગરિકો માટે એક આશાસ્પદ સમાચાર છે. સયાજી ઝૂનો ઐતિહાસિક વારસો 8 જાન્યુઆરી 1879ના રોજ સ્થાપિત થયેલ શ્રી સયાજીબાગ પ્રાણીસંગ્રહાલય રાજ્યના સૌથી જૂના બે ઝૂ પૈકીનું એક છે. લગભગ દોઢ સદીના ઈતિહાસ સાથે આ ઝૂ વડોદરા શહેરની સાંસ્કૃતિક ઓળખ સાથે અભિન્ન રીતે જોડાયેલું છે. વિવિધ પ્રજાતિના પ્રાણીઓ અને પક્ષીઓનું આ ઝૂ ઘર છે, અને દર વર્ષે લાખો મુલાકાતીઓ, શાળાના બાળકો, પરિવારો અને વન્યજીવ પ્રેમીઓ અહીં આવે છે. જોકે, હાલ સિંહ એન્ક્લોઝર ખાલી હોવાથી મુલાકાતીઓ, ખાસ કરીને બાળકો, નિરાશ થઈ પાછા ફરે છે. ઝૂની મુલાકાત દરમિયાન ખાલી પાંજરું જોઈ ઘણા લોકો એશિયાટિક સિંહ ક્યારે પાછો આવશે તે અંગે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. સાંસદ ડો. હેમાંગ જોષીની રજૂઆત આ પરિસ્થિતિને ધ્યાને લઈ, સાંસદ ડો. હેમાંગ જોષીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જૂનાગઢ સ્થિત સક્કર બાગ ઝૂમાંથી એશિયાટિક સિંહની એક જોડી સયાજી ઝૂ ખાતે ફાળવવા વિધિવત લેખિત રજૂઆત કરી છે. સક્કર બાગ ઝૂ એ એશિયાટિક સિંહના સંરક્ષણ માટે જાણીતું છે અને ત્યાંથી સિંહની જોડી ફાળવવી વ્યવહારુ અને શક્ય વિકલ્પ છે. આ રજૂઆત વડોદરાના નાગરિકો, ઝૂ પ્રત્યે લગાવ ધરાવતા લોકો અને વન્યજીવ સંરક્ષણમાં રસ ધરાવતા સૌની ભાવનાને અનુરૂપ છે. ડો. જોષીએ આ મામલે ઝૂ અધિકારીઓ સાથે પણ સંવાદ સાધ્યો છે અને એ સુનિશ્ચિત કરવા પ્રયાસ કર્યો છે કે વડોદરાની આ ઐતિહાસિક સંસ્થા તેની સંપૂર્ણ ક્ષમતા સાથે ફરી ધબકે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆત પ્રત્યે સકારાત્મક વલણ દાખવ્યું છે. તેઓએ મુદ્દો ગંભીરતાથી વિચારણા હેઠળ લઈ ટૂંક સમયમાં સત્તાવાર બેઠક બોલાવવાની સૂચના આપી છે. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે મળીને સિંહની જોડી ફાળવવાની પ્રક્રિયા અંગે નક્કર નિર્ણય લેવાની અપેક્ષા છે.

### GST ભવન પાસે ટ્રાફિકના નિયમોનું સરેઆમ ચીરહરણ

# ટ્રાફિક પોલીસની હાજરી વચ્ચે પણ રોંગસાઈડ ચાલકોનો રાફડો



(પ્રતિનિધિ), વડોદરા. તા.26
શહેરમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન હવે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. શહેરના વ્યસ્ત ગણાતા GST ભવન અને આંબેડકર સર્કલ પાસે આજે ફરી એકવાર ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. રોંગ સાઇડથી પૂરપાટ ઝડપે આવી રહેલા એક બાઈક ચાલકે અકસ્માત સર્જ્યો હતો, જેને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. મળતી

આ દરમિયાન સામેથી આવતા અનય બાઇક ચાલક સાથે તેની ટક્કર થઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનચાલકોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. આંબેડકર સર્કલ અને તેની આસપાસના વિસ્તારોમાં વારંવાર સર્જાતા અકસ્માતોને કારણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, નિયમોનું પાલન ન કરનારા તત્વોને કોઈનો ડર રહ્યો નથી. શોર્ટકટ મારવાના ચક્કરમાં નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાય છે. પીક અવર્સ દરમિયાન ટ્રાફિકનું સંચાલન કથળી રહ્યું છે. શું પોલીસ માત્ર દંડ વસૂલવામાં જ રસ ધરાવે છે ? રોંગ સાઈડ આવતા વાહનોને રોકવા માટે કોઈ કડક પગલાં કેમ લેવામાં આવતા નથી ? વારંવાર રજૂઆતો છતાં આ વિસ્તારમાં કાયમી ટ્રાફિક પોઈન્ટ કે સીસીટીવી દ્વારા કડક મોનિટરિંગનો અભાવ દેખાઈ રહ્યો છે.

# ગરમીનું તાપમાન ઘટ્યુ 33.4 ડીગ્રી નોંધાયું,બેવડી ઋતુનો અનુભવ

(પ્રતિનિધિ) વડોદરા તા.26
શહેરમાં ગુરુવારે ગરમીનો પારો 33.4 ડિગ્રી અને લઘુત્તમ પારો 22.4 ડિગ્રી નોંધાયું હતું. જો કે, પવનોની દિશા બદલાતા મોડી રાત્રે ઠંડી લાગતાં બેવડી ઋતુનો અનુભવ થયો હતો. ઘરમાં ગરમી અને બહાર નીકળો તો સામાન્ય ઠંડી અનુભવાય હતી. માર્ચની શરૂઆતમાં જ ગરમી વધે તેવી સંભાવના છે. હવામાન વિભાગ અનુસાર સવારે હવામાં ભેજનું પ્રમાણ 67 ટકા અને સાંજે 33 ટકા નોંધાયું હતું. ગુજરાતમાં હાલ મિશ્ર ઋતુ ચાલી રહી છે. સવારે અને સાંજે ઠંડક તો બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. સમગ્ર રાજ્યમાંથી શિયાળાની વિદાયની ઘડીઓ ગણાવા લાગી છે. તો બીજી બાજુ છેલ્લા થોડા દિવસથી કેટલાક વિસ્તારોમાં હવામાનમાં પલટો પણ આવ્યો હતો. આ સાથે કેટલીક જગ્યાએ વરસાદ પણ વરસ્યો હતો. આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાન બે ડિગ્રી જેટલું નીચું જઈ શકે છે.

### વડોદરામાં લોહીલુહાણ વેલેન્ટાઈન : જામીન રદ કરવા કમિશનરને અલ્ટીમેટમ

# થાર ચાલક નબીરાઓને બચાવવાના ખેલ ? શિવસેના મેદાનમાં ઉતર્યું



(પ્રતિનિધિ), વડોદરા. તા.26
શહેરના પોશ ગણાતા સનફાર્મા રોડ પર ગત 14 ફેબ્રુઆરીની મોડી રાત્રે સર્જાયેલા ભયાનક અકસ્માતે સમગ્ર વડોદરાને હચમચાવી દીધું છે. પૂરપાટ ઝડપે આવતી થાર કારે નિર્દોષ એક્ટિવા ચાલક અભિષેક વાસુદેવ મોરેને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે હવે રાજકીય ગરમાવો આવ્યો છે અને શિવસેનાએ મેદાનમાં ઉતરી આરોપીઓના જામીન રદ કરવાની માંગ કરી છે. મૃતક અભિષેક મોરે પોતાના એક્ટિવા પર જઈ રહ્યો હતો ત્યારે ત્રણ યુવતીઓ સવાર એક લક્ઝરીયસ થાર કારે તેને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે યુવક ફંગોળાયો હતો અને ગંભીર ઈજાઓને કારણે તેને જીવ ગુમાવ્યો હતો. પ્રાથમિક અહેવાલો મુજબ, કારમાં સવાર યુવતીઓ બેફામ ઝડપે વાહન હંકારી રહી હતી. આ કેસમાં આરોપીઓને ત્વરિત જામીન મળી જતાં સોશિયલ મીડિયા અને લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વડોદરા શહેર શિવસેના પ્રમુખ દીપક પાલકરે પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. તેમણે માંગ કરી છે કે, આરોપીઓના જામીન તાત્કાલિક રદ કરવામાં આવે. કેસમાં કડક કલમો હેઠળ ગુનો નોંધી સખત કાર્યવાહી થાય. શહેરના રસ્તાઓ પર રાત્રિ દરમિયાન થતા નશાખોરી અને રેસિંગના દૂષણને ડામવામાં આવે. શિવસેનાના શહેર પ્રમુખ દીપક પાલકરે જણાવ્યું હતું કે, નિર્દોષના લોહીથી ખરડાયેલા હાથોને આટલી સરળતાથી જામીન ન મળી શકે. અમે પીડિત પરિવારને ન્યાય અપાવવા માટે કટિબદ્ધ છીએ. હાલમાં પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે, પરંતુ જનતામાં એવી ચર્ચા છે કે પૈસાદાર બાપની નબીરીઓને બચાવવા માટે કોઈ દબાણ તો નથી થઈ રહ્યું ને? હવે જોવાનું એ રહે છે કે પોલીસ કમિશનર આ રજૂઆત બાદ કેવા કડક પગલાં ભરે છે.

### કોઇ જાનહાનિ ના થતાં તંત્રે રાહતનો શ્વાસ લીધો

# રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 પાસે કેબલમાં આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 6 પર આર આર સાઈડની નજીક કેબલમાં આગ લાગવાની ઘટના બની હતી. જે અંગેની જાણ થતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી સ્થિતિ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. આ આગની ઘટનામાં કેબલો સળગી ગયા હતા. વડોદરા ફાયર કંટ્રોલ રૂમને રેલવે સ્ટેશન પરથી કોલ આવ્યો હતો કે, પ્લેટફોર્મ નંબર 6 ઉપર આર આર સાઈડની પાસે આગ લાગી છે. આ કોલ મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. જ્યાં તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે કેબલમાં આગ લાગી હતી. ટીમે તાત્કાલિક આગ પર કાબુ મેળવવાની કાર્યવાહી શરૂ કરી હતી. પ્રથમ ફાયર એક્ટીન્ગ્યુસર વડે આગ બુઝાવી હતી અને બાદમાં ફરીથી અન્યત્ર આગ પ્રસરે નહિ તે માટે પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો હતો. આ ઘટના દરમિયાન રેલવેના અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. આગ સામાન્ય હતી. સદ નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

### આગ બુઝાવવાની તકનીક અંગે સઘન તાલીમ આપવામાં આવી રહી છે

# ફાયર બ્રિગેડ દ્વારા હાઈડ્રોલિક પ્લેટ ફોર્મ સાથે વેટ ડ્રીલ અને તાલીમ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
ઉનાળો શરૂ થતાં આગ લાગવાની ઘટનાઓમાં વધારો થતો હોય છે, ખાસ કરીને બહુમાળી ઈમારતોમાં જોખમ વધી જાય છે. આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે વડોદરા ફાયર બ્રિગેડ દ્વારા તૈયારીઓ તેજ કરવામાં આવી છે. નવી ભરતી કરાયેલા ઉમેદવારોને નવલખી મેદાન ખાતે હાઈડ્રોલિક મશીનોના ઓપરેટિંગ અંગે તાલીમ આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડ દ્વારા નવલખી મેદાન ખાતે ત્રણ અત્યાધુનિક હાઈડ્રોલિક પ્લેટફોર્મ સાથે વેટ ડ્રીલ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ મશીનો ખાસ ઊંચી ઈમારતોમાં આગ પર કાબૂ મેળવવા તેમજ રેસ્ક્યુ કામગીરી માટે ઉપયોગી છે. ઉનાળામાં એસીના વધતા વપરાશને કારણે ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટના બનાવોમાં વધારો થતો હોય છે. તે ધ્યાનમાં રાખીને નવા ભરતી થયેલા તેમજ વર્તમાન સ્ટાફને હાઈડ્રોલિક પ્લેટફોર્મનું સંચાલન, ઊંચાઈએ જઈ બચાવ કામગીરી કરવાની રીતો અને આગ બુઝાવવાની તકનીક અંગે સઘન તાલીમ આપવામાં આવી રહી છે. ફિનલેન્ડથી આયાત કરાયેલા આ વિશેષ મશીનો 44 અને 81 મીટર સુધીની ઊંચાઈએ પહોંચી શકે છે. એક મિનિટમાં 5 થી 6 હજાર લિટર પાણીનો મારો ચલાવવાની ક્ષમતા ધરાવતા આ પ્લેટફોર્મ દ્વારા એકસાથે 5 થી 7 વ્યક્તિઓને સુરક્ષિત રીતે નીચે લાવી શકાય છે. સબ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, વડોદરા ફાયર સર્વિસ ના જે ત્રણ હાઈડ્રોલિક પ્લેટફોર્મ છે. એ ત્રણે ત્રણને નવલખી મેદાન ખાતે લાવવામાં આવેલા છે. અને તેની વેડડ્રિલ અમે કહીએ કે, અમને ખુલ્લા મેદાનની જરૂર પડે અમારા પાણીના ફ્લો ચેક કરવાના હોય, મોનિટરના ડિસ્ચાર્જ પણ ચેક કરવાના હોય એ મોનિટરિંગ ચાલી રહ્યું છે.

### પરીણીતાએ ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યાં

# ત્રણ સંતાનની માતાને પતિએ ત્રણવાર તલાક બોલીને તરછોડી

(પ્રતિનિધિ) વડોદરા તા.26
આજવા રોડ પર આવેલા એકતાનગરમાં રહેતી પરીણીતાના જંબુસર ખાતે લગ્ન કર્યાં હતા. પરંતુ પતિ સહિતના સાસુ અને સસરાના ત્રાસ તથા પતિએ ત્રણ વાર તલાક બોલી તરછોડી દીધી હતી.

જેથી નાના ત્રણ બાળકો સાથે પિયરમાં રહેતી પરીણીતો પતિ અને સાસુ સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના આજવા રોડ પર એકતાનગરમાં રહેતા સીમરન પરવેઝ મુલ્તાની (ઉં.વ.23)એ નોંધાવેલી ફરિયાદ મુજબ મારા લગ્ન વર્ષ 2022માં પરવેશ મુલ્તાની સાથે જંબુસર ખાતે અમારા સમાજાના રીતરિવાજ મુજબ થયા હતા. લગ્ન બાદ હુ મારી સાસરીમાં પતિ સાથે રહેવા માટે ગઇ હતી. ત્યારે પતિ સહિતના સાસુ અને સસરા નાની નાની બાબતો મારી સાથે ઝઘડા કરતા હતા. જેથી હુ કંટાળીને પિયર જતી રહી હતી. તે દરમિયાન પતિ સાસરીમાં આવ્યો હતો અને મારા ઘરેથી સાસુને ફોન કર્યો હતો.

ત્યારે સાસુએ પતિની ચઢામણી કરી હતી. જેથી પતિ મારા માતા પિતાની હાજરીમાં ત્રણ વખત તલ્લાક તલ્લાક તલ્લાક બોલીને મારો મોબાઈલ ફોન લઈને ઘરમાંથી નીકળી ગયા હતા. ત્યારબાદ હુ મારા નાના ત્રણ બાળકો સાથે પિયરમાં રહીને ઓશિયાળુ જીવન ગુજારુ છે. જેથી કંટાળી ગયેલી પરીણીતાએ પોલીસના દ્વાર ખખડાવ્યાં હતા. જેથી પોલીસે આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### વોર્ડ-14 ના પ્રતિનિધિઓનો મોરચો : 72 કલાકમાં સંયુક્ત ઓપરેશનની આપી ખાતરી

# વડોદરામાં કાયદાના ધજાગરા દબાણખોરો સામે તંત્ર નતમસ્ત છે?



(પ્રતિનિધિ) વડોદરા તા.26
ઐતિહાસિક ચાર દરવાજા વિસ્તારમાં ટ્રાફિક અને ગેરકાયદે દબાણોની સમસ્યા હવે વહીવટી પ્રશ્ન મટીને રાજકીય જંગમાં ફેરવાઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી વણઉકેલાયેલી આ સમસ્યાને પગલે આજે વોર્ડ નંબર 14ના ભાજપના કાઉન્સિલરો અને પોલીસ તંત્ર સામસામે આવી ગયા હતા. ખાસ કરીને મુખ્ય માર્ગ પર પાર્ક કરેલા વાહનોને ઈ-મેમો ફટકારવાની કામગીરી બાદ સ્થાનિક રહીશો અને કોર્પોરેટરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની વિગત એવી છે કે, ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલી કડક કાર્યવાહી અને ઈ-મેમો આપવાના વિરોધમાં સ્થાનિક નેતાઓ મેદાને આવ્યા હતા.

આ દરમિયાન સ્થળ પર હાજર પીઆઈ એચ. એલ. આહીર અને પૂર્વ તેમજ વર્તમાન કોર્પોરેટરો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને શાબ્દિક સંઘર્ષ થયો હતો. આ વિવાદ બાદ મામલો વધુ ગરમાતા વોર્ડ-14ના કાઉન્સિલરો અને રહીશોનું ટોળું ડીસીપી જ્યોતિ પટેલ પાસે રજૂઆત કરવા પહોંચ્યું હતું. ટ્રાફિકની સમસ્યામાં કોઈ કાયમી ઉકેલ ન આવતા ગુરુવારે વોર્ડના કાઉન્સિલરોએ મ્યુનિસિપલ કમિશનર મહેશ બાબુ સાથે મુલાકાત કરી હતી.

કમિશનરે મામલાની ગંભીરતાને ધ્યાને લઈ ખાતરી આપી છે કે, આગામી બે થી ત્રણ દિવસમાં પોલીસ વિભાગ, ટ્રાફિક શાખા અને પાલિકાના દબાણ શાખાના અધિકારીઓ સાથે સંકલન સાધીને જોઈન્ટ ઓપરેશન હાથ ધરવામાં આવશે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાલિકાની દબાણ શાખા ગાડી લઈને આવે ત્યારે દબાણો હટી જાય છે, પરંતુ ગાડી ગયાની પાંચ જ મિનિટમાં ફરી રસ્તાઓ ભરાઈ જાય છે. આ ગેરકાયદે દબાણોને કારણે રાહદારીઓને ચાલવું પણ મુશ્કેલ બન્યું છે.

### વડોદરા પાલિકાની ગંભીર લાલીયાવાડી, વાલ્વ ખુલ્લો કે તંત્રની આંખો બંધ

# જ્યાં મેયર વસે, ત્યાં જ પાણી વહે, ટેક્સના પૈસા - પાણી બંને ગટરમાં



(પ્રતિનિધિ), વડોદરા. તા.26
વડોદરાની જનતા માટે ઉનાળો એટલે પીડાની શરૂઆત. એક તરફ સૂર્યદેવતા આકરા બની રહ્યા છે અને વડોદરાના માર્ગો પર પીવાના પાણી માટે મહિલાઓના મોરચા નીકળી રહ્યા છે, ત્યારે બીજી તરફ વોર્ડ નંબર 4 રામદેવનગર - 1 માં જે દ્રશ્યો જોવા મળ્યા તે પાલિકાની ઘોર નિદ્રા અને ગુનાહિત બેદરકારીનો પુરાવો છે. હજારો લિટર શુદ્ધ, પીવાલાયક પાણી રસ્તાઓ પર વહીને ગટરમાં મળી રહ્યું છે, કારણ ? માત્ર એક વાલ્વ બંધ કરવાની આળસ. આ વિરોધાભાસ તો જુઓ. જે વિસ્તારમાંથી વડોદરાના મેયર પ્રતિનિધિત્વ કરે છે, જે વિસ્તાર આખા શહેર માટે આદર્શ હોવો જોઈએ, ત્યાં જ પાલિકાની 'લાલીયાવાડી' ચરમસીમાએ છે. શું મેયર સાહેબના વિસ્તારમાં અધિકારીઓને શિસ્તના પાઠ ભણાવવામાં નથી આવ્યા ? શું સત્તાના નશામાં તંત્ર એટલું બહેરું થઈ ગયું છે કે તેને રસ્તા પર વહેતું પાણી દેખાતું નથી ? શહેરની અનેક સોસાયટીઓમાં આજે સ્થિતિ એવી છે કે, લોકોને મોંઘા ભાવના પ્રાઈવેટ ટેન્કરો મંગાવવા પડે છે. વહેલી સવારે પાણીના ઓછા પ્રેશરને કારણે લોકો હેરાન-પરેશાન થાય છે. અનેક મધ્યમવર્ગીય પરિવારો અડધી ડોલ પાણી માટે પણ તરશે છે. આવી ગંભીર સ્થિતિ વચ્ચે, પાલિકાના કર્મચારીઓની એક નાનકડી 'ભૂલ' (જે વાસ્તવમાં ગંભીર બેદરકારી છે) હજારો પરિવારોનું પાણી ગટરમાં વહાવી દે છે. આ માત્ર પાણીનો બગાડ નથી, આ વડોદરાના કરદાતાઓના પૈસાનો બગાડ છે, આ પ્રજાના વિશ્વાસનો બગાડ છે. વડોદરા પાલિકાએ સમજી લેવાની જરૂર છે કે જનતા હવે મૂંગી બહેરી નથી. ઉનાળાની શરૂઆતમાં જ જો આવી હાલત હોય, તો ભર ઉનાળે વડોદરાની જનતાની તરસ કોણ છિપાવશે ? જો મેયરના પોતાના વોર્ડમાં જ અધિકારીઓ આટલા બેદરકાર હોય, તો સામાન્ય નાગરિકોની ફરિયાદ તો કચરાપેટીમાં જ જતી હશે ને ?

### રાષ્ટ્રીય હિત સિવાયની કામગીરી પ્રાથમિક શિક્ષકો પાસે નહીં કરાવી શકાય

# પ્રા. શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ અપાઇ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.26
રાજ્યના શિક્ષણ વિભાગના એક નિર્ણયથી શિક્ષકોને હવે કામગીરીમાં રાહત મળી છે. શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપી છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જારી કરી જિલ્લા શિક્ષણ અધિકારી અને શાસન અધિકારીને લેખિતમાં સૂચના આપવામાં આવી હતી. ગુજરાતના શિક્ષણ વિભાગના એક નિર્ણયથી હવે પ્રાથમિક શિક્ષકોને કામગીરી માંથી મોટી રાહત આપવામાં આવી છે. જેમાં શિક્ષણ સિવાયની અન્ય કામગીરીમાં શિક્ષકોને નહીં જોડવા સુચના આપવામાં આવી છે.

રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકે એક પરિપત્ર જારી કરીને સૂચના આપી છે કે, હવેથી પ્રાથમિક વિભાગના શિક્ષકોને શૈક્ષણિક કામગીરી નહીં કરાવી શકાય, તેમણે શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીમાં નહીં જોડાવા સૂચના આપી છે. રાષ્ટ્રીય હિત સિવાયની કામગીરી હવેથી પ્રાથમિક શિક્ષકો પાસે નહીં કરાવી શકાય. બાળકોના શિક્ષણ પર વિપરીત અસર ના પડે તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી અને શાસનાધિકારીને લેખિતમાં સૂચના આપવામાં આવી છે.

અગાઉ શિક્ષકોએ બિન શૈક્ષણિક ફરજમાં ન જોડવા રજૂઆત કરી હતી અને સંમતિ વિના શિક્ષકોને કામગીરી સોંપાતી હતી. હાલ આ તમામ બાબતોને ધ્યાનમાં લઈને શિક્ષણ વિભાગે હવે પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપી હતી.

### 108 એમબ્યુલન્સમાં તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયો

# 'હુ એક વર્ષથી પિસ્તોલ લઈ તારુ કામ પતાવવા ફરુ છુ કેમ કહી' યુવક પર હુમલો



(પ્રતિનિધિ), વડોદરા. તા.26
વડોદરા શહેરના છાણી રોડ પર નવાયાર્ડ વિસ્તારમાં આવેલા રામેશ્વરની ચાલીમાં રહેતા ધર્મેશ ઉર્ફે રાહુલ નિરંજન પાટીલ (ઉંવ.25) નોધાવેલી ફરિયાદ મુજબ 26 ફેબ્રુઆરીના રોજ રાત્રીના આશરે બારેક વાગે મારી ચાલીની સામે આવેલા લાલપુરાની ચાલીમાં રહેતો મિત્ર યશવંત શર્મા ઉર્ફે કાળુ નેપાળી મારા ઘરે આવી મારી સાથે મારી પત્નીનો ઝઘડો થયો છે તું તારી ભાભીને સમજ પાડ. તે મુજબ કહેતા હું તેની સાથે તેના ઘરે જઈને કાળુ નેપાલીની પત્નીને સમજાવીને ઝઘડો શાંત પાડયો હતો. ઝઘડો પતાવી અમે બંને મિત્રો રેલવે સ્ટેશને મોડી રાતના દોઢથી બે વાગ્યાના અરસામાં ગયા હતા અને નાસ્તો કરી પરત સૂઈ ગયા હતા. મોડી રાતના આશરે સાડા ચારેક વાગે કાળુ નેપાળી ફરીથી ઘરે આવી તારી ભાભી ફરીથી ઝઘડો કરે છે તેમ કહેતા મેં તુ ચિંતા ના કરીશ મગજ શાંત રાખ. ચાલ આપણે નિઝામપુરા ડેપો જઈએ તેમ કહી બાઈક લઈ નિઝામપુરા એસટી ડેપોમાં પાંચેક વાગ્યાના અરસામાં પહોંચ્યાં હતા. દરમિયાન ત્યાં અગાઉથી હાજર તન્મય ઉર્ફે સન્ની રવિ જાદવ તથા જે.ડી ઉર્ફે ચિરાગ સોલંકી અને વિરાજસિંહ પરમાર સાથે બે વર્ષ પહેલા ઝઘડો થયો હોય તેની અદાવત રાખી ત્રિપુટી મને જોઈને ગંદી ગાળો બોલવા લાગી હતી અને તન્મય ઉર્ફે સન્નીએ હુ એક વર્ષથી પીસ્તોલ (રીવોલ્વર) લઈ તારુ કામ તમામ કરવા ફરી રહ્યો છુ તુ આજે ઘાટમાં આવ્યો છે અને આજે તને પતાવી દેવાનો છુ તેમ કહેવા લાગ્યો હતો. તેણે જે.ડી ઉર્ફે ચિરાગ સોલંકી અને વિરાજસીંહ પરમારને તમે આને પકડી રાખો બન્ને મારા હાથ પકડી ઉભા હતા. ત્યારબાદ તન્મય સન્ની જાદવે એસટી બસના બોર્ડ વડે મને મારવાનુ ચાલુ કર્યું હતું. કેન્ટીનની બહાર ટીકીટ બારી પાસે ખેંચી લઈ જઈ તેણે મને ચપ્પાનો ઘા છાતીના ભાગે મારી દીધો હતો. મે લોહીલુહાણ થઈ જતા મને 108 એમ્બ્યુલન્સમાં તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જે થી પોલીસે હત્યાનો પ્રયાસ કરનાર તન્મય જાદવ, જે ડી સોલંકી તથા વિરાજસિંહ પરમારની ધરપકડ કરી લીધી હતી.